# મુદા નં. ૨૩
# નવી અને અવિભાજય શરતની તથા ગણોતધારાની પ્રતિબંધિત સત્તા પ્રકાર હેઠળની નવી શરતની જમીનને ખેતી અથવા બીનખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવાની પધ્ધતિમાં સરળીકરણ લાવવા બાબતે.

| | | |
|---|---|---|
| ૧. જોગવાઈ | : | ગુજરાત સરકાર મહેસુલ વિભાગ ઠરાવ ક્રમાંક :નશજ–૧૦૨૦૦૬–૫૭૧–જ(પાર્ટ–૨) સચિવાલય,ગાંધીનગર તા.૪–૭–૨૦૦૮ |
| ૨.અરજી કોને કરવી | : | જીલ્લા કલેકટરશ્રી |
| ૩. મંજુરી કોને મળવા પાત્ર છે.? | : | જમીન ઉપરના હાલના કબજેદારોને કબજા મુજબ ખેતી ના હેતુ માટે જંત્રી આધારીત કિંમતના ૫૦ ટકા અથવા બીનખેતીના હેતુ માટે જંત્રી આધારીત કિંમતના ૮૦ ટકા રકમ પ્રિમીયમ તરીકે ભરવા સંમત હોય અને વેચાણ લેનાર વ્યકિત ખેડુત ખાતેદાર હોય. |
| ૪. નિકાલ માટેના સત્તાધિકારી | : | રૂા. એક કરોડ સુધીની પ્રિમીયમની રકમ માટે જીલ્લા કલેકટરશ્રી, અને એક કરોડથી વધુ રકમ માટે સરકારશ્રી. |
| ૫. નિકાલની સમયમર્યાદા | : | મામલતદાર ૨૦ દિવસ<br>પ્રાંત અધિકારીશ્રી ૧૦ દિવસ<br>કલેકટર શ્રી ૩૦ દિવસ<br>કુલ ૬૦ દિવસ |

- **અરજદારશ્રીએ અરજીમાં સંપૂર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માંગ્યા મુજબના તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધૂરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી.**

**<u>અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે.</u>**

૧. તલાટી કમ મંત્રી રૂબરૂ આપવામાં આવેલ જવાબ (પરિશિષ્ટ–૨/૨૩ મુજબ)
૨. સ્થળ સ્થિતિ અંગેનું પંચનામું (પરિશિષ્ટ–૩/૨૩ મુજબ)
૩. સોગંદનામુ (પરિશિષ્ટ–૪/૨૩ મુજબ)
૪. સને ૧૯૫૧–૫૨ થી અરજી તારીખ સુધીની પાણી પત્રકની માહિતી દર્શાવતા ગામ ન.નં.૭/ ૧૨ ની નકલ
૫. પ્રશ્નવાળી જમીન સંબંધે ગામ ન.નં.૬ (હક્કપત્રક) થયેલ તમામ ફેરફાર નોંધોની નકલો.
૬. પ્રશ્નવાળી જમીનના નકશાના ટ્રેસીગની નકલ(તલાટી/સર્કલ ઓફિસર દ્વારા પ્રમાણિત)
૭. વેચાણ આપનાર ઈસમે ધારણ કરેલ તમામ જમીન અંગે ગામ ન.નં.– ૮/અ ની નકલ
૮. વેચાણ રાખનાર ઈસમો એ ધારણ કરેલ તમામ જમીન અંગે ગામ.ન.નં.– ૮/અ ની નકલ
૯. વેચાણ આપનાર તથા વેચાણ રાખનાર ઈસમો વચ્ચે જમીન ખરીદ વેચાણ અંગે કરવામાં આવેલ કરારની નકલ. ( થયેલ હોય તો)
૧૦. કુલમુખત્યાર દ્વારા અરજી કરવામાં આવેલ હોય તો કુલમુખત્યારનામાની પ્રમાણિત નકલ.
૧૧.સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ પ્રિમીયમની રકમ સમય મર્યાદામાં ભરવા સંમત છે ?
૧૨.સદરહુ મંજુરી આપવામાં આવે તો અરજદાર તેમના કુટુંબનો જીવન નિર્વાહ કરી શકશે ?
૧૩. એફ ફોર્મ ની નકલ.

**નોંધ :– અરજી ૧ અસલ અને ૨ સેટ ઝેરોક્ષ નકલમાં રજુ કરવી.**

રૂા. ૩ની કોર્ટ ફી સ્ટેમ્પ

**પરિશિષ્ટઃ–૧/૨૩**

મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ (પાર્ટ.૨)
તા.૪/૭/૨૦૦૮ ના ક્રમાંક : ૧ ઉપરનું બિડાણ)

**નવી અને અવિભાજય જમીન કે પ્રતિબંધિત સતા પ્રકારની જમીન ખેતી કે બીન ખેતીના હેતુ માટે વેચાણ કે બીનખેતીના હેતુ માટે શરતફેર કરી આપવા બાબતની અરજીનો નમુનો**

**અરજદારનું** નામ :.........................................

સરનામુંઃ.......................................

તાલુકો ............... જીલ્લો ..............

તારીખઃ.........................

ફોન નં : .......................

પ્રતિ,
કલેકટરશ્રી,
.............................
........................જીલ્લો

**વિષય : નવી શરતની જમીન ખેતી/બીનખેતીના હેતુ માટે વેચાણ કે બીનખેતી હેતુ માટે શરતફેર કરી આપવા બાબત.**
મોજે :.................. તાલુકો :................સર્વે/ બ્લોકનં.......................
ટી.પી.નં ............... ફા.પ્લોટ નં ..................... ની હે.આર.ચો.મી
........................ જમીન અંગે

શ્રીમાન,
સવિનય ઉપુકત વિષય પરત્વે જણાવવાનું કે, હું ............................ તાલુકાના ........................
ગામે નીચે જણાવેલ વિગતોએ નવી શરત/પ્ર.સ.પ્રકારની ખેતીની જમીન ધરાવું છું આ જમીન મારે ખેતી/બીનખેતીના હેતુ માટે વેચાણ/પોતે બીનખેતીના હેતુ માટે ઉપયોગ કરવાની હોઈ તે અંગેની જરૂરી મંજુરી આપવા વિનંતી છે. આ અંગે સરકારશ્રી તરફથી જે શરતો નકકી કરાશે તેનું પાલન કરવા ખાત્રી આપું છું.

સ્થળ :
તારીખ :

...........................................
અરજદારની સહી/ નામ / સિક્કો

# વિગત

| | | |
|---|---|---|
| ૧ | અરજદાર/કુલમુખત્યારનું પુરુ નામ,ઉંમર તથા પુરૂ સરનામું | |
| ૨ | અરજી જમીન માલિકની રૂએ કરેલ છે કે અન્ય રીતે | |
| ૩ | જો કુલમુત્યાર તરીકે અરજી કરવામાં આવેલ હોય તો કુલમુન્યારનામાનું રજીસ્ટેશન કરાવેલ છે કે કેમ ? | |
| ૪ | અરજદાર અનુ.જાતિ/અનુ.જનજાતિ/બક્ષીપંચ ના છે કે કેમ? તેની વિગત | |
| ૫ | જે જમીન વેચાણ/તબદીલ કરવાની છે તેની વિગત<br>(૧) ગામનું નામ<br>(૨) સર્વે નંબર<br>(૩) ક્ષેત્રફળ (હે.આર.ચો.મી)<br>(આધાર માટે ૮ અ,૭/૧૨ અને ૬ ની નોંધોની નકલ રજુ કરવી.) | |
| ૬ | મહેસુલ દફતર પ્રમાણે ઉકત સર્વે નંબરના કબજેદારોના પુરૂા નામ તથા સરનામું | |
| ૭ | સયુંકત ખાતેદારો હોય તો તમામ ખાતેદારો આ જમીન તબદીલ કરવા/હેતુફેર કરવા સંમત છે કે કેમ ? | |
| ૮ | આ જમીન જે હુકમથી અરજદારે મેળવેલી છે તે હુકમના નંબર,તારીખ તથા કયા કાયદા, ઠરાવની જોગવાઈ હેઠળ મળેલ છે તેની વિગતો. | |
| ૯ | કયા ખાસ કારણોસર આ જમીન ખેતી/બીનખેતી માટે વેચવા માંગો છો/ ઉપયોગ કરવા માંગો છો ? | |
| ૧૦ | આ જમીનની સ્થળ સ્થિતી ચર્તુદિશઃ દર્શાવતા સ્કેલ માપ પ્રમાણેના નકશાઓ (ત્રણ નકલમાં રજુ કરવા) | |
| ૧૧ | અરજદારના ખાતાની કુલ જમીન કેટલી ? તેની વિગત (ગામ નમૂના નં ૮.અ ની નકલ જોડવી) | |
| ૧૨ | આ જમીન વેચવાથી/તબદીલ થવાથી બિન ખેડુત થાવ છો? | |

| | | |
|---|---|---|
| ૧૩ | આજીવિકાનુ કયું સાધન ધરાવો છો ? વાર્ષિક આવક કેટલી ? | |
| ૧૪ | જો ખેતીના/બિનખેતીના હેતુ માટે વેચાણ કરવાની હોય તો તે કોને વેચવાની છે.? તેઓ ખેડુત ખાતેદાર છે.? જો હા તો તેઓ કયાં,કેટલી જમીન ધરાવે છે તે અંગે આધાર રજુ કરવા. | |
| ૧૫ | આ જમીનના વેચાણની/શરતફેર/હેતુફેરની મંજુરી આપવામાં આવે તો નિયમાનુસાર થતી પ્રિમિયમની રકમ જાણ કર્યેથી ૨૧ (એકવીસ) દિવસમાં ભરવા સંમત છો? | |
| ૧૬ | સદરહું જમીન પરત્વે શરતભંગની કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ ? હોય તો તેનું શું પરિણામ આવેલ છે તે જણાવવું ? | |
| ૧૭. | સદરહું જમીન ઉપર તમારો સતત અને અખંડિત અને અબાધિત કબજો કેટલા વર્ષનો છે તે દર્શાવવુ | |
| ૧૮. | સદરહું જમીન પરત્વે કોઈ બોજો ચાલુ રહેતો હોય તો તેની સ્પષ્ટ વિગતો રજુ કરવી. | |
| ૧૯. | કલેકટરશ્રીએ અગાઉ આ પ્રકારની પરવાનગી ના મંજુર કરેલ છે? જો હા તો તેની વિગતો રજુ કરવી. | |
| ૨૦. | અન્ય કોઈ વિશિષ્ટ વિગતો રજુ કરવા ઈરછતા હોય તો દર્શાવવી. | |

હું સોગંદપૂર્વક જણાવું છે કે, ઉપરના કોલમમાં જણાવેલી તમામ વિગતો મારી સંપુર્ણ જાણ અને માન્યતા મુજબ સંપુર્ણપણે ખરી છે.

સ્થળ :
તારીખ :

............................................
અરજદારની સહી/ નામ / સિક્કો

## <u>પરિશિષ્ટ :– ૨/૨૩</u>
## <u>અરજદાર નો રૂબરૂ જવાબનો નમુનો</u>

આથી હું/ અમો નીચે સહી કરનાર ...........................................................................
ઉ.વ............ધંધો................... રહેવાસી ........................................................................
.........................................................................................................
આજરોજ રૂબરૂ હાજર થઈ પુછવાથી લખાવીએ છીએ કે,

મારી /અમારી મોજે : .............................. તાલુકો .................જિલ્લોઃ .........ના સર્વે નં./બ્લોકનં.................ક્ષેત્રફળ.................આકાર................વાળીખેતીની જમીનનો હું/ અમો ખાતેદાર છું /છીએ. સદરહુ જમીન હું/ અમો ......................હક્કથી ધારણ કરીએ છીએ. સદરહુ જમીન અમોને નવી શરતથી/ ગણોત ધારા હેઠળ પ્રતિબંધિત સત્તા પ્રકારથી મળેલ છે. અને હાલમાં ગામન .નં.૭/ ૧૨ માં નવી શરત /પ્રતિબંધિત સત્તા પ્રકાર હેડે ચાલે છે. આ જમીન ઉપર અમો ..............વર્ષથી કબજો ધરાવીએ છીએ. અમો સદરહુ જમીન ..................ના બીનખેતી હેતુ માટે ઉપયોગ કરવા માંગીએ છીએ.

<u>અથવા</u>

નીચે જણાવેલ ખેડૂત ખાતેદારને વેચાણ કરવા માંગુ છું.
ખાતેદારનું નામઃ
જમીન ધારણ કરતા હોય તેની વિગત : ગામનું નામ તાલુકો સ.નં. / બલોક નં

સદરહુ મંજુરી મેળવવા માટે સરકારશ્રીના નિયમો મુજબ જે કાંઈ પ્રિમીયમની રકમ નક્કી કરવામાં આવે તે ભરવા હું / અમો સંમત છીએ. મેં/ અમોએ આ જમીન વેચાણ કરવા મંજુરી મેળવવા અરજી આપેલ છે. જેના અનુસંધાને જરી મંજુરી આપવા આ જવાબ લખાવેલ છે.

ઉપર મુજબનો જવાબ મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરો છે. જે મેં/ અમોએ વાંચી/ સાંભળી સમજી વિચારીને નીચે સહી / અંગુઠાનું નિશાન કરેલ છે. ખોટો જવાબ લખાવવો તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકતની મને / અમોને જાણ છે.

સ્થળ :
તારીખ :

..................................................
અરજદારની સહી/નામ/ અંગુઠાનું નિશાન

મારી રૂબરૂ

.........................................
તલાટી કમ મંત્રી /સર્કલ ઓફિસર
(નામ / સહી / સિક્કો)

## <u>પરિશિષ્ટ :– ૩/૨૩</u>
## <u>સ્થળ સ્થિતિ અંગેનું પંચનામું</u>

| અ.નં. | નામ | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |

આથી અમો પંચો ઉપર મુજબના સરનામે રહીએ છીએ. આજરોજ મોજે............................... તાલુકો................ના સ.નં./ બ્લોક નં....................ના સ્થળે હાજર થઈ લખાવીએ છીએ કે,

સદરહુ જમીનમાં હાલ સ્થળે........................નું વાવેતર થયેલ છે/ ખેડાણ કરેલ છે/ કોઈ દબાણ કે બાંધકામ કરવામાં આવેલ છે/ નથી. આ જમીન પર અરજદારશ્રી................................................જાતે ખેતી કરે છે. જેની ચતુ:સીમાં નીચે મુજબ છે.

પૂર્વે :–
પશ્ચિમે :–
ઉત્તરે :–
દક્ષિણે :–

વધુમાં અમો પંચોના માનવા મુજબ સદરહુ જમીનની સ્થળસ્થિતિ, લોકેશન તથા આજુબાજની જમીનો ઘ્યાને લેતા હાલની બજારકિંમત દર ચોરસ મીટરના ................ /દર એકરના રૂા. ...................... અંકે રૂપિયા.............................................. પોષાય તેમ છે.

ઉપર મુજબનું પંચનામું અમો પંચોના લખાવ્યા મુજબ બરાબર અને ખં છે. જે વાંચી સમજીને અમોએ નીચે સહીઓ કરેલ છે. ખોટુ પંચનામું કરવું તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ : ૧. ....................................
તારીખ : ૨. ...................................

મારી રૂબરૂ

...................................................
તલાટી કમ મંત્રી(સહી / નામ / સિક્કો)

ઉકત પંચનામામાં જણાવ્યા મુજબની પરિસ્થિતિ બરાબર જણાય છે. જેની અમોએ ખરાઈ કરેલ છે.

.........................................................
સર્કલ ઓફિસર/મામલતદારશ્રીની સહી / નામ /સિક્કો

**(ખુલ્લી જમીન તથા અન્ય બાબતો માટેનું સોગદનામું બીનખેતી તેમજ પ્રિમીયમ ભરી નિયંત્રણ મુકિત માટે)**

અરજદારનો
પાસપોર્ટ
સાઈઝનો
ફોટોગ્રાફ

## પરિશિષ્ટઃ–૪/૨૩

## સોગંદનામું

(રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર પર કરવાના સોગંદનામાનો નમૂનો)

હું નીચે સહી કરનારશ્રી ........................................................................
ઉ.વ........................ધંધો.......................જાતે..................રહેવાસી .................
...................................................................તે આથી મારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કં છું કે,

૧. હું ઉપર દર્શાવેલ સરનામે રહું છું. અને મોજેઃ ........................ ના સર્વે.નં ........................... ફાઈનલ પ્લોટ નં.....................................ની શહેરી જમીન ટોચ મર્યાદા ધારો – ૧૯૭૬ની કલમ– ૨૦ અથવા કલમ– ૨૧ હેઠળની મુકિતવાળી / મુકિત સિવાયની / કલમ– ૨૩ હેઠળ સરકારશ્રી ને ફાળવેલ ..........................ચો. મી. જમીનનો કુલ ધારક છું. / જમીનનો કુલમુખત્યાર ધરાવનાર વ્યકિત છું.

૨. સવાલવાળી જમીન ધારકના શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ– ૧૯૭૬ હેઠળની જોગવાઈઓ અનુસાર ફાજલ થયેલ નથી. અથવા ફાજલ થયેલ છે. પરંતુ તેનો કબજો સરકારે સંભાળેલ નથી.

૩. સવાલવાળી જમીન આજની તારીખે અમારા કબજામાં છે. તથા તે જમીન અંગે કોઈ સત્તાધિકારી / સત્તામંડળ, ટ્રીબ્યુનલ કે ન્યાયાલયમાં કોઈપણ જાતનો વિવાદ નિકાલ માટે પડતર નથી.

૪. સવાલવાળી જમીનના સુચિત ઉપયોગ / ટ્રાન્સફરીટી પ્રસ્તુત જમીન પ્રમાણના (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ– ૧૯૭૬ની કલમ– ૨૦(૧), કલમ– ૨૩ હેઠળ થયેલ કોઈ હુકમની જમીનનો ભંગ થયો નથી.

૫. જો ઉપર દર્શાવેલ હકીકત પૈકીની કોઈપણ હકીકત ખોટી માલુમ પડશે તો તમોને આપવામાં આવતી ખેતી/બીનખેતી પ્રિમીયમ / સદર જમીનના પ્લાન નકશાની મંજુરી તેમજ દસ્તાવેજની નોંધવા અંગેની પરવાનગી આપોઆપ રદ થયેલી જણાશે.

૬. અમો એ બાબતે પણ બાહેંધરી આપીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબની કોઈપણ વિગતો ખોટી અથવા ગેરમાર્ગે દોરનાર કે છેતરપીંડી છે તો આવી આપવામાં આવેલી ખેતી/બીનખેતી પ્રિમીયમ/ નકશાની મંજુરી અને અથવા તબદીલી દસ્તાવેજ નોંધણીની પરવાનગી ઉપર ક(૫) માં દર્શાવ્યા મુજબ રદ થવાની પરિસ્થિતિ અંગેની સઘળી જવાબદારી અમારે અદા કરવાની રહેશે, અને રાજય સરકારની જવાબદારી રહેશે નહી.

૭. સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી છે./ સવાલવાળી જમીનમાં સ્થળે ................. ચો.મી.જમીનમાં સને ............ ના વર્ષથી વાણિજય/રહેણાંક હેતુ માટેનું/ઔધોગિક માટેનું/ બાંધકામ વગર સ્થળનું બાંધકામ કરવામાં આવેલ છે.

આ સાથે તેને લગતા ફોટોગ્રાફસ ૪ રજુ કરું છું તથા તેની પાછળ ઉતર/દક્ષિણ/પૂર્વ/પ્રશ્ચિમ તે પ્રમાણે દિશાઓ બતાવેલ છે. આ જમીનની ચતુઃસીમા નીચે મુજબ છે.

| | |
|---|---|
| પૂર્વે : | પશ્ચિમે : |
| ઉત્તરે : | દક્ષિણે : |

ઉપર જણાવેલ સઘળી હકિકત મારી જાણ મુજબ ખરી અને સત્ય છે અને ખોટું સોગંદનામું કરવું તે ગુન્હો બને છે તે હકિકત ધ્યાને લઈ આજે તા.................................ના માહે.............. ..............................................................ના અને ...........................ના રોજ.......................
સ્થાને મારી સંપુર્ણ સભાન અવસ્થામાં, બિનકેફ હાલતમાં મારા ધર્મના સોગંદ ઉપર જાહેર કરુ છું.

સદરહુ સોગદનામું અમારે ખેતી/બીનખેતી પ્રિમીયમ ભરવાનીપરવાનગી મેળવવાના કામે કલેકટર કચેરીમાં રજુ કરવાનું હોવાથી કરાવેલછે.

**નોંધ** :– તમામ કબજેદારોએ અલગ વ્યકિતગત સોગદનામું કરવાનું રહેશે. તથા નિયત નમૂના મુજબ અલગથી સોગદનામું તૈયાર કરી રજુ કરવું ફકત નમૂનામાં ખાલી જગ્યા ભરી રજુ કરેલ સોગદનામું સ્વીકારવામાં આવશે નહીં.

.............................................
(સહી / વિગતવાર નામ / સરનામા સાથે)

## <u>ચેકલીસ્ટ(મુદા નં.૨૩)</u>
## <u>નવી અને અવિભાજય શરતની તથા ગણોતધારાની પ્રતિબંધિત સત્તા પ્રકાર હેઠળની નવી શરતની જમીનને ખેતી અથવા બીનખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવાની પધ્ધતિમાં સરળીકરણ લાવવા બાબતે.</u>

(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે)

| અ.નં | વિગત | હા/ના/ લાગુ પડતું નથી. | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | અરજીપત્રક (પરિશિષ્ટ–૧/૨૩) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે? | | |
| ૩ | તલાટી કમ મંત્રી રૂબરૂ આપવામાં આવેલ જવાબ અસલમાં (પરિશિષ્ટ–૨/૨૩) | | |
| ૪ | પંચનામુ અસલમાં (પરિશિષ્ટ–૩/૨૩) | | |
| ૫ | સને ૧૯૫૧–૫૨ થી અરજી તારીખ સુધીની પાણી પત્રકની માહિતી દર્શાવતા ગામ ન.નં.–૭/ ૧૨ના ઉતારાની પ્રમાણિત નકલો સામેલ કરેલ છે ? | | |
| ૬ | સવાલવાળી જમીન સંબંધે ગામ ન.નં.૬ હક્કપત્રકે થયેલ તમામ ફેરફાર નોંધોની પ્રમાણિત નકલો. | | |
| ૭ | પ્રશ્નવાળી જમીનના નકશાના ટ્રેસીંગની નકલ | | |
| ૮ | અરજદારે ધારણ કરેલ જમીન અંગે ગામ ન.નં. ૮–અ ની નકલ. | | |
| ૯ | વેચાણ રાખનાર ઈસમે ધારણ કરેલ જમીન અંગે ગામ ન.નં.–૮–અ ની પ્રમાણિત નકલ. | | |
| ૧૦ | વેચાણ આપનાર તથા વેચાણ રાખનાર ઈસમો વચ્ચે વાદવાળી જમીન અંગે કોઈ કરાર હોય તો તેની નકલ. | | |
| ૧૧ | કુલમુખત્યાર દ્વારા અરજી કરવામાં આવેલ હોય તો કુલમુખત્યાર નામાની પ્રમાણિત નકલ. | | |
| ૧૨ | સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ પ્રિમીયમની રકમ સમય મર્યાદામાં ભરવા સંમત છે ? | | |
| ૧૩ | સદરહુ મંજુરી આપવામાં આવે તો અરજદાર તેમના કુટુંબનો જીવન નિર્વાહ કરી શકશે ? | | |
| ૧૪ | એફ ફોર્મ ની નકલ. | | |

સ્થળ :
તારીખ :

....................................
અરજદારની સહી/ નામ

**ખાસ નોંધ : ચેકલીસ્ટના કોલમ માં " હા/ના અથવા લાગુ પડતા નથી" તેમ સ્પષ્ટ દર્શાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાન નંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એક પણ મુદ્દાની પુર્તતા બાકી હશે તો અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

અરજીપત્રક સ્વીકાર્યુ

..........................................
જન સેવા કેન્દ્ર ફરજ પરના
કર્મચારીની સહી/ નામ/ સિક્કો/ તારીખ